ગુજરાત જાહેર સેવા આયોગની જા.ક્ર.:૨૩/૨૦૦૩-૦૪ થી નિમણૂંક પામેલા બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ ને જુની પેન્શન યોજનામાં સમાવવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2025/0486/B1

સચિવાલય, ગુજરાત

વંચાણે લીધા:

(૧) નાણાં વિભાગનો તા.૦૮/૧૧/૨૦૨૪ નો ઠરાવ ક્રમાંક: નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી

(૨) નાણાં વિભાગનો તા.૧૬/૦૪/૨૦૨૫ નો ઠરાવ ક્રમાંક: નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી

(૩) આઈસીડીએસ કચેરીનો તા.૨૩/૦૬/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: ICDS/MKMII/e-file/257/2025/0342/Admin

(૪) વિભાગના તા.૨૮/૦૪/૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૦૨/૧૦૩/બ

આમુખ:

નાણા વિભાગના ઉકત વંચાણે લીધેલ ક્રમાંક-(૧)ના ઠરાવથી તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલા માન્ય ભરતી બોર્ડ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા પધ્ધતિ મારફત કોઇ સંવર્ગમાં ભરતી પ્રક્રિયા પૂર્ણ થયેલ હોય પરંતુ તા.૦૧/૦૪/૨૦૦૫ પછી નિમણૂક પામેલ હોય તેવા તેમજ તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલા રાજયમાં વિવિધ વિભાગોની ફિક્સ પગારની નીતિ હેઠળ નિમણૂક પામી તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલા નોકરીમાં જોડાયા હોય અને તા.૦૧/૦૪/૨૦૦૫ પછી ફિક્સ પગારનો નિયત સમયગાળો પૂર્ણ કરી નિયમિત નિમણૂક પામેલા હોય તેવા કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવામાં આવેલ છે. આ સંદર્ભમાં નાણા વિભાગના ઉકત વંચાણે લીધેલ ક્રમાંક-(૨)ના ઠરાવથી પાત્રતા ધરાવતા કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવાની વિગતવાર સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. આથી આઈસીડીએસ કચેરીના વંચાણે લીધેલ ક્રમાંક-(૩)ના પત્રની દરખાસ્તથી વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૪) ના ઠરાવથી નિમણૂંક પામેલા બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ ને જૂની પેન્શન યોજનામાં સમાવવાની બાબત વિચારણા હેઠળ હતી.

હુકમ:

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૪) થી નિમણૂંક પામેલા કુલ ૦૭(સાત) બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨ પૈકી નીચેના કોષ્ટક મુજબના ૦૬(છ) બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ (હાલ પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ તરીકે ફરજ બજાવતા) ને ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક-(૧) ના ઠરાવમાં સુચવ્યા મુજબની જોગવાઇ ક્રમાંક:-1(અ) તેમજ વંચાણે લીધેલ ક્રમાંક-(૨) ના ઠરાવ મુજબ વિગતોની ચકાસણી કરી જૂની પેન્શન યોજનામાં સમાવિષ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

જે અંગેની નોંધ મજકુરશ્રીની સેવાપોથી કરવાની રહેશે.

| ક્રમ | અધિકારીનું નામ | હાલની ફરજનું સ્થળ |
|---|---|---|
| ૧ | કુ. ઠાકર આરતી ચંદ્રકાન્તભાઈ | પ્રોગ્રામ અધિકારીશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા |
| ૨ | શ્રીમતી ચૌહાણ ઈરા હેમંત | પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.દાહોદ |
| ૩ | શ્રીમતી સોલંકી ગૌરીબેન લવજીભાઈ | પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.અમદાવાદ |
| ૪ | શ્રીમતી દેસાઈ શારદાગૌરી ચકુભાઈ | પ્રોગ્રામ અધિકારીશ્રી, રાજકોટ મહાનગરપાલિકા |
| ૫ | કુ. તબિયાર દક્ષાબેન દલજીભાઈ | પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.મહિસાગર |
| ૬ | શ્રીમતી ચૌધરી રમીલાબેન સોમાભાઈ | પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.પંચમહાલ |

સંબંધિત કર્મચારીશ્રીની અરજી અન્વયે કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી (આઈસીડીએસ) દ્વારા રજુ

થયેલ દરખાસ્તની વિગતો તેમજ તેના આનુષાંગિક આધાર-પુરાવાને ધ્યાને લઇ સદર હુકમ કરવામા આવેલ છે. જો રજુ કરેલ આધાર પુરાવા અંગે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો હુકમ રદ્દ કરવાપાત્ર થશે તથા સ઼ંબંધિત સામે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વધુમાં, નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) અને (૨) ના ઠરાવ મુજબની આગળની નિયમોનુસારની કાર્યવાહી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી (આઇસીડીએસ)એ કરવાની રહેશે.

આ હુકમ વિભાગના સમાન ક્રમાંકની ફાઈલ પર સચિવશ્રીની તા.૨૮/૦૮/૨૦૨૫ ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આર.પ્રજાપતિ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સંબંધિત અધિકારીશ્રીઓ, કમિશનરશ્રી(આઇસીડીએસ) ની કચેરી મારફત.
- વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ.( વિભાગની વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.)
- સિલેક્ટ ફાઇલ